# India strongly condemns the attack at a Mosque in Kunduz, Afghanistan

October 11, 2021

# ભારતે અફઘાનિસ્તાનમાં કુંદુઝ ખાતે મસ્જિદ પર થયેલા હુમલાની આકરી ટીકા કરી

ઓક્ટોબર 11, 2021

અફઘાનિસ્તાનમાં કુંદુઝ ખાતે એક શિયા મસ્જિદ પર થયેલા ત્રાસવાદી હુમલાની ભારતે આકરી ટીકા કરી છે. આ હુમલામાં 100થી વધુ અફઘાનોના મૃત્યુ થયા હતા અને બીજા કેટલાકને ઈજા થઈ હતી.

અમે આ મુશ્કેલ સ્થિતિમાં પીડિતોના પરિવારજનોને અમારી સહાનુભૂતિ અને આશ્વાસન આપીએ છીએ.

ત્રાસવાદ સામેની લડાઈમાં ભારત પ્રતિબદ્ધ છે અને અફઘાનિસ્તાનમાં ત્રાસવાદ સામે લડવાના મહત્ત્વનો પૂનરોચ્ચાર કરે છે. અમે અફઘાનિસ્તાનના લોકો સાથે છીએ અને આશા રાખીએ છીએ કે આ હુમલા માટે જવાબદાર લોકોને ઓળખીને તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.